# GPSC Model Paper No.27 By www.shikshanjagat.in

૧. આર્થિક પરિકલ્પનાઓ કે સિદ્ધાંતો કેવા હોય તો વધારે ઉપયોગી થાય?

(a) ગુણદર્શક (b) પરિમાણદર્શક (c) બંને (d) બેમાંથી એકપણ નહીં

૨. કુટુંબની આવક વધતા વૈભવી વસ્તુઓ પરનું તેનું ખર્ચ વધે છે. – આ વિધાન કેવું કહેવાય?

(a) પરિમાણદર્શક (b) ગુણદર્શક (c) બંને (d) બેમાંથી એકપણ નહીં

૩. ચીજ-વસ્તુઓ કે સેવાઓની માંગ શા માટે થાય છે?

(a) નફો મેળવવા (b) જરૂરિયાત સંતોષવા (c) ઉત્પાદન કરવા (d) ત્રણમાંથી એકેય નહીં

૪. પસંદગીનો પ્રશ્ન શાને લીધે ઉભો થાય છે?

(a) નફો (b) ખોટ (c) અછત (d) ઉત્પાદન

૫. અર્થશાસ્ત્રમાં પરિકલ્પનાઓ રચવા માટે કેટલા ચલ વચ્ચેના સંબંધો દર્શાવાય છે?

(a) ૧ (b) ૨ (c) બે કે બેથી વધારે (d) શૂન્ય

૬. માનવ જરૂરિયાતોનો સંતોષ શું કહેવાય?

(a) સાધન (b) સાધ્ય (c) સાધન અને સાધ્ય (d) નફો

૭. આર્થિક સમસ્યા કોઇ દેશ કે પ્રદેશમાં હોય જ નહિ એવું બને ખરું?

(a) હા (b) ૧૦ વર્ષ માટે (c) ના (d) ૨૦ વર્ષ માટે

૮. દરેક સાધનના વૈકલ્પિક ઉપયોગો હોય છે એ વાત સાચી છે?

(a) હા (b) ના (c) કદી નહિ (d) હંમેશાં સાચી

૯. સાધનોના ઉપયોગ માટે શું આપવું પડે?

(a) અગત્યાનુક્રમ (b) અનુક્રમ (c) ક્રમાંકન (d) ક્રમ

૧૦. કઇ સમસ્યા આર્થિક સમસ્યા છે?

(a) સાધનોની અછત (b) સાધનોની કાર્યક્ષમતા

GPSC Model Paper www.shikshanjagat.in

(c) સાધનોનો ઉપયોગ (d) ઉપર્યુક્ત ત્રણેય

૧૧. સાધન ફાળવણીની સમસ્યા એટલે શું?

(a) શાનું ઉત્પાદન કરવું (b) કેટલું ઉત્પાદન કરવું (c) આ બન્ને (d) બેમાંથી એકેય નહિ

૧૨. ઉત્પાદનની પદ્ધતિની પસંદગી એ આર્થિક સમસ્યા કહેવાય?

(a) હા (b) ના (c) ક્યારેક (d) કદી નહીં

૧૩. અર્થશાસ્ત્રના નિયમોનું સ્વરૂપ કેવું છે?

(a) નૈતિક (b) આધ્યાત્મિક (c) વસ્તુલક્ષી (d) વાસ્તવદર્શી

૧૪. વસ્તુના ભાવ વધે તો માંગ ઘટે – એવું વિધાન કેવું કહેવાય?

(a) અનૈતિક (b) નૈતિક (c) વાસ્તવદર્શી (d) આધ્યાત્મિક

૧૫. અર્થશાસ્ત્રના નિયમો કેવા ગણાય છે?

(a) બિનશરતી (b) શરતી (c) નફાકારક (d) હાનિકારક

૧૬. માનવી માત્ર અર્થપરાયણ છે એમ કહી શકાય?

(a) ના (b) હા (c) ચોક્કસ (d) અનિર્ણિત

૧૭. અર્થશાસ્ત્રના નિયમો શું દર્શાવે છે?

(a) ચલ પરિબળો (b) અચલ પરિબળો (c) વલણો (d) ભાવ

૧૮. માર્શલ અર્થશાસ્ત્રના નિયમોને શાની સાથે સરખાવે છે?

(a) ગુરુત્વાકર્ષણ (b) આકર્ષણ (c) અપાકર્ષણ (d) ભરતી-ઓટ

૧૯. અર્થશાસ્ત્રના નિયમો ભૌતિકશાસ્ત્રના નિયમોની જેમ ચોક્કસ છે?

(a) ના (b) હા (c) ક્યારેક (d) કદી નહીં

૨૦. આર્થિક લાભ સિવાયના ઉદ્દેશો પણ માનવીના વર્તનને અસર કરે છે ખરાં?

(a) હા (b) ના (c) કદી નહીં (d) ક્યારેક

www.shikshanjagat.in GPSC Model Paper

૨૧. કિંમત ઘટે તો માંગ વધવી જરૂરી છે એવું અર્થશાસ્ત્રના નિયમમાંથી ફલિત થાય ખરું?

(a) ના (b) હા (c) ક્યારેક (d) હંમેશાં

૨૨. અર્થશાસ્ત્રમાં તર્કબદ્ધ વર્તનની ધારણા કોના સંદર્ભમાં કરવામાં આવે છે?

(a) ઉત્પાદક (b) ગ્રાહક (c) ઉપર્યુક્ત બન્ને (d) ઉપર્યુક્ત બેમાંથી એકેય નહીં

૨૩. અર્થશાસ્ત્રમાં ધારણાઓ બદલાય તો નિયમ બદલાય ખરો?

(a) હા (b) ના (c) કદી નહીં (d) ક્યારેક

૨૪. તર્કબદ્ધ વર્તનની ધારણા કોને લાગું પડે છે?

(a) ગ્રાહક (b) ઉત્પાદક (c) નિયોજક (d) ઉપર્યુક્ત ત્રણેય

૨૫. અર્થશાસ્ત્રની મૂળભૂત ધારણાઓને કેટલા ભાગમાં વહેંચી શકાય?

(a) વ્યક્તિ અને પેઢી (b) ભૌતિક માળખું (c) સંસ્થાઓ (d) ઉપર્યુક્ત ત્રણેય

૨૬. ભાવ વધે તો માંગ ઘટે, એમ કહેવાય તો ચલ પરિબળ ક્યું કહેવાય?

(a) ભાવ (b) માંગ (c) ઉપર્યુક્ત બન્ને (d) ઉપર્યુક્ત બેમાંથી એકેય નહીં

૨૭. ચીજવસ્તુઓ અને સેવાઓનું વિતરણ કેવી રીતે કરવું એ આર્થિક સમસ્યા છે?

(a) હા (b) ના (c) કદી નહીં (d) ક્યારેક

૨૮. અર્થશાસ્ત્રના નિયમો શાના આધારે રજૂ થાય છે?

(a) આંકડા (b) અનુભવાશ્રિત માહિતિ (c) હકિકતો (d) સરકારના અનુભવો

૨૯. કોઇક પેઢીનું વર્તન શાના અભ્યાસનો વિષય બને છે?

(a) એકમલક્ષી અર્થશાસ્ત્ર (b) સમષ્ટિલક્ષી અર્થશાસ્ત્ર

(c) કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર (d) સરકારી અર્થશાસ્ત્ર

૩૦. માર્શલનું તુષ્ટિકરણ વિશ્લેષણ શાનો વિષય ગણાય?

(a) કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર (b) સમષ્ટિલક્ષી અર્થશાસ્ત્ર

(c) એકમલક્ષી અર્થશાસ્ત્ર (d) સરકારી અર્થશાસ્ત્ર

GPSC Model Paper www.shikshanjagat.in

૩૧. દેશની કુલ બચતમાં વધારો કે ઘટાડો એ શાનો વિષય કહેવાય?

(a) કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર (b) જાહેર વિત્ત

(c) એકમલક્ષી અર્થશાસ્ત્ર (d) ઉપર્યુક્ત ત્રણમાંથી એકેય નહીં

૩૨. અર્થતંત્રના બધાં આર્થિક ઘટકોના સરવાળાને શામાં ધ્યાનમાં લેવામાં આવે છે?

(a) એકમલક્ષી અર્થશાસ્ત્ર (b) સમષ્ટિલક્ષી અર્થશાસ્ત્ર (c) જાહેર વિત્ત (d) ઉપર્યુક્ત ત્રણેય

૩૩. એકમલક્ષી અર્થશાસ્ત્રની પદ્ધતિ વડે તારવવામાં આવેલાં વિધાનો સમષ્ટિને લાગું પડે?

(a) હા, પડે જ (b) ના પણ પડે (c) ના (d) ક્યારેક જ પડે

૩૪. સીમાન્ત અવેજીના ઘટતા દરનો સિદ્ધાંતશાનું ઉદાહરણ છે?

(a) કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર (b) સમષ્ટિલક્ષી અર્થશાસ્ત્ર

(c) સીમાન્ત ઉત્પાદકતાનો સિદ્ધાંત (d) એકમલક્ષી અર્થશાસ્ત્ર

૩૫. વિશ્લેષણની પદ્ધતિ સાથે શાને સંબંધ છે?

(a) સ્થિર અર્થશાસ્ત્ર (b) સમષ્ટિલક્ષી અર્થશાસ્ત્ર

(c) ઉપર્યુક્ત બન્ને (d) ઉપર્યુક્ત બન્નેમાંથી એકેય નહીં

૩૬. કિંમત નિર્ધારણ ક્યા અર્થશાસ્ત્રનું ઉદાહરણ છે?

(a) ગતિશીલ અર્થશાસ્ત્ર (b) સ્થિર અર્થશાસ્ત્ર

(c) ઉપર્યુક્ત બન્ને (d) ઉપર્યુક્ત બન્નેમાંથી એકેય નહીં

૩૭. અર્થશાસ્ત્રના સિદ્ધાંતોમાં ધારણાઓ હોય છે, એ શાનું ઉદાહરણ છે?

(a) ગતિશીલ અર્થશાસ્ત્ર (b) કલ્યાણલક્ષી અર્થશાસ્ત્ર (c) સ્થિર અર્થશાસ્ત્ર (d) જાહેર વિત્ત

૩૮. કોણે એમ કહ્યું છે કે માત્ર એક જ વાર થતા પરિવર્તનોનો સમાવેશ સ્થિર અર્થતંત્રમાં કરી શકાય?

(a) પ્રૉ. હિક્સ (b) એડમ સ્મિથ (c) માર્શલ (d) પ્રૉ. હેરડ

GPSC Model Paper www.shikshanjagat.in

૩૯. આર્થિક મોડેલમાં શું કરવામાં આવે છે?

(a) આર્થિક ઘટકો વચ્ચેના આંતરસંબંધોનો અભ્યાસ (b) આર્થિક વિકાસનો અભ્યાસ

(c) દેશની આર્થિક પરિસ્થિતિનો અભ્યાસ (d) કોઇ એક ગામ કે પેઢીનો અભ્યાસ

૪૦. આર્થિક મોડેલ ગાણિતિક હોય જ એવું જરૂરી છે?

(a) હા (b) ના (c) કદી નહીં (d) હંમેશાં

૪૧. ગતિશીલ અર્થશાસ્ત્રમાં ....

(a) અન્ય પરિબળોને સ્થિર ધારવામાં આવે છે

(b) અન્ય પરિબળોને સ્થિર ધારવામાં આવતાં નથી

(c) તમામ પરિબળો બધે હોવાની ધારણા કરાય છે

(d) તમામ પરિબળો બધે ન હોવાની ધારણા કરાય છે

૪૨. સ્થિર અર્થશાસ્ત્રની પદ્ધતિમાં આપેલાં પરિબળો અને ચલ પરિબળો વચ્ચે કેવો સંબંધ છે?

(a) એકતરફી (b) બહુઆયામી (c) વિધેયાત્મક (d) નકારાત્મક

૪૩. સ્થિર અર્થશાસ્ત્રને શાની સાથે સંબંધ છે?

(a) અસ્થિર વિજ્ઞાન (b) ગતિશીલ વિજ્ઞાન (c) સ્થિર વિજ્ઞાન (d) ઉપર્યુક્ત ત્રણેય

૪૪. સ્થિર અર્થતંત્ર એટલે ...

(a) પરિવર્તન વિનાનું અર્થતંત્ર (b) જડ અર્થતંત્ર

(c) એકધારૂં પુનરાવર્તન પામતું અર્થતંત્ર (d) અનિશ્ચિતતાવાળું અર્થતંત્ર

૪૫. કેઈન્સનો આવક અને રોજગારીનો સિદ્ધાંત કઇ પદ્ધતિથી રજૂ થયેલા છે?

(a) ગતિશલી અર્થશાસ્ત્ર (b) સ્થિર અર્થશાસ્ત્ર

(c) એકમલક્ષી અર્થશાસ્ત્ર (d) ઉપર્યુક્ત ત્રણમાંથી એકેય નહીં

૪૬. એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમષ્ટિલક્ષી અર્થશાસ્ત્ર પરસ્પર ......

(a) તદ્દન ભિન્ન છે (b) પૂરક છે (c) જુદી દિશાના છે (d) અસંગત છે

GPSC Model Paper www.shikshanjagat.in

૪૭. મનુષ્યનું વર્તન કેવું હોવાનું અર્થશાસ્ત્રમાં મનાયું છે?

(a) તર્કસંગત (b) બુદ્ધિગમ્ય (c) ઉપર્યુક્ત બન્ને (d) ઉપર્યુક્ત બેમાંથી એકેય નહીં

૪૮. GDP (જીડીપી)માં થતા ફેરફારો શાના અભ્યાસનો વિષય ગણાય?

(a) સમષ્ટિલક્ષી અર્થશાસ્ત્ર (b) એકમલક્ષી અર્થશાસ્ત્ર

(c) ઉપર્યુક્ત બન્ને (d) ઉપર્યુક્ત બેમાંથી એકેય નહીં

૪૯. સાધનોનો ઉપયોગ કાર્યક્ષમતાથી થાય છે કે નહિ એ આર્થિક સમસ્યા ગણાય?

(a) હા (b) ના (c) સાધન પર આધાર રાખે (d) અર્થતંત્ર પર આધાર રાખે

૫૦. સાધનોની ફાળવણી માટે મૂડીવાદમાં શું અગત્યનું છે?

(a) સરકારનું માર્ગદર્શન (b) સંસ્થાનું માર્ગદર્શન

(c) સમાજની જરૂરિયાત (d) બજારનું માર્ગદર્શન

૫૧. ઈજારો અને ઈજારાયુક્ત હરિફાઇ વચ્ચેનો બજારનો પ્રકાર કયો હોઇ શકે?

(a) દ્વિહસ્તક ઈજારો (b) અલ્પહસ્તક ઈજારો (c) બન્ને (d) બેમાંથી એકેય નહીં

૫૨. ઉત્પાદકોની સંખ્યા બેથી વધુ હોય પણ ઈજારાયુક્ત હરિફાઇ કરતાં ઓછી હોય તો એ ક્યું બજાર કહેવાય?

(a) પૂર્ણ હરિફાઇ (b) અલ્પહસ્તક ઈજારો (c) બન્ને (d) બેમાંથી એકેય નહીં

૫૩. અલ્પહસ્તક ઈજારામાં વિજ્ઞાપન જીવન-મરણનો પ્રશ્ન બની શકે છે – એવું વિધાન કોણે કર્યું છે?

(a) પ્રૉ. બોમલ (b) પ્રૉ. ચેમ્બરલીન (c) પ્રૉ. જોન રોબિન્સન (d) એકેય નહીં

૫૪. અલ્પહસ્તક ઈજારાનાં લક્ષણો ક્યા છે?

(a) પેઢીઓની સંખ્યા અલ્પ છે (b) હરિફાઇની હાજરી છે

(c) વિજ્ઞાપનની જરૂર પડે છે (d) ઉપર્યુક્ત ત્રણેય

૫૫. કયા બજારમાં પેઢીની માંગરેખા અનિર્ણિત રહે છે?

(a) ઈજારાયુક્ત હરિફાઇ (b) પૂર્ણ હરિફાઇ (c) ઈજારો (d) અલ્પહસ્તક ઈજારો

GPSC Model Paper www.shikshanjagat.in

૫૬. ભાવનેતૃત્વની સ્થિતિ કયા બજારમાં ઊભી થાય છે?

(a) ઈજારો (b) ઈજારાયુક્ત હરિફાઇ (c) દ્વિહસ્તક ઈજારો (d) અલ્પહસ્તક ઈજારો

૫૭. શાના આધારે અલ્પહસ્તક ઈજારાના પ્રકાર પડે?

(a) વસ્તુવિકલન (b) પ્રવેશ (c) ઉપર્યુક્ત બન્ને (d) બેમાંથી એકેય નહીં

૫૮. તૂટક માંગ રેખાનું વિશ્લેષણ કોણે આપ્યું છે?

(a) હોલ, હિચ અને પોલ સ્વિઝી (b) હોલ, હિચ

(c) હિક્સ, હિચ અને હોલ (d) ચેમ્બરલીન, હિક્સ અને હોલ

૫૯. ભાવનેતૃત્વ એટલે...

(a) અગ્રણી પેઢી ભાવ નક્કી કરે અને અન્ય પેઢીઓ તે સ્વીકારે

(b) એક જ પેઢી ભાવ નક્કી કરે

(c) એક જ પેઢી ભાવ નક્કી કરે અને તે જ પેઢી સ્વીકારે

(d) ઉપર્યુક્તમાંથી એકેય નહીં

૬૦. ભાવનેતૃત્વ હોય તો તેવો અલ્પહસ્તક ઈજારો કેવો કહેવાય?

(a) સંપૂર્ણ (b) આંશિક (c) ઉપર્યુક્ત બન્ને (d) બન્નેમાંથી એકેય નહીં

૬૧. ભાવ અને ઉત્પાદનની બાબતમાં પેઢીઓમાં પરસ્પરાવલંબન હોય તો તે બજાર ક્યું કહેવાય?

(a) ઈજારો (b) ઈજારાયુક્ત હરિફાઇ (c) પૂર્ણ હરિફાઇ (d) ત્રણમાંથી એકેય નહીં

૬૨. અલ્પહસ્તક ઈજારામાં પેઢીની માંગ રેખા તૂટક બને છે કારણ કે .........

(a) પેઢી ભાવને વળગી રહે છે (b) માંગ મુજબ ભાવમાં ફેરફાર કરે છે

(c) ભાવ મુજબ માંગમાં ફેરફાર કરે છે (d) વસ્તુ સમાનગુણી હોય છે

૬૩. ભાવનેતૃત્વ ઊભું થાય છે કારણ કે ....

(a) મહત્તમ નફો કમાવો છે (b) કાતિલ હરિફાઇ નિવારવી છે

(c) સ્વતંત્ર નિર્ણય કરવાની શક્તિ નથી (d) ઉપર્યુક્ત ત્રણેય

GPSC Model Paper www.shikshanjagat.in

૬૪. ખૂબ જ નજીકની અવેજીની વસ્તુઓ કયા બજારમાં ઉત્પન્ન થાય ?

(a) ઈજારાયુક્ત હરિફાઇ (b) અલ્પહસ્તક ઈજારો (c) ઉપર્યુક્ત બન્ને (d) બેમાંથી એકેય નહીં

૬૫. કયા અર્થશાસ્ત્રી કહે છે કે અલ્પહસ્તક ઈજારામાં પણ અસામાન્ય નફો લાંબો સમય ન ટકી શકે?

(a) પ્રૉ. જોન રોબિન્સન (b) પ્રૉ. બોમલ (c) પ્રૉ. ચેમ્બરલીન (d) પ્રૉ. હોલ

૬૬. કયા બજારમાં પેઢી મંદી દરમિયાન વસ્તુના ભાવ ઘટાડતી નથી અને તેજી દરમિયાન વધારતી નથી?

(a) ઈજારો (b) ઈજારાયુક્ત હરિફાઇ (c) પૂર્ણ હરિફાઇ (d) અલ્પહસ્તક ઈજારો

૬૭. કોણે સામાજિક ખર્ચનો ખયાલ આપ્યો છે?

(a) એડમ સ્મિથ (b) પ્રૉ. બોમલ (c) આલ્ફ્રેડ માર્શલ (d) પ્રૉ. જે. આર. હિક્સ

૬૮. ઉત્પાદનના જે સાધનોને યાતના, કષ્ટ સહન કરવાં પડે તેને શું કહેવાય?

(a) વૈકલ્પિક ખર્ચ (b) સ્થિર ખર્ચ (c) વાસ્તવિક ખર્ચ (d) નાણાંકીય ખર્ચ

૬૯. ક્યું ખર્ચ માપી શકાતું નથી?

(a) નાણાંકીય ખર્ચ (b) સરેરાશ ખર્ચ (c) સ્થિર ખર્ચ (d) વાસ્તવિક ખર્ચ

૭૦. વૈકલ્પિક ખર્ચનો ખયાલ કયા અર્થશાસ્ત્રીઓએ આપ્યો છે?

(a) ફ્રેન્ચ (b) ઓસ્ટ્રિયાના (c) બ્રિટિશ (d) અમેરિકન

૭૧. કોઇપણ વસ્તુનું વૈકલ્પિક ખર્ચ તે વસ્તુના ઉત્પાદનને કારણે બીજી ઉપયોગી વસ્તુના પુરવઠામાં થયેલો ઘટાડો છે. – આવું કોણે કહ્યું છે?

(a) હેન્ડરસન (b) આલ્ફ્રેડ માર્શલ (c) પ્રૉ. હિક્સ (d) એડમ સ્મિથ

૭૨. સાધનો વૈકલ્પિક ઉપયોગો ધરાવે છે એવી રજૂઆત કોણે કરી છે?

(a) પ્રૉ. રોબિન્સન (b) એડમ સ્મિથ (c) માર્શલ (d) પ્રૉ. એ. સી. પીગૂ

૭૩. વૈકલ્પિક ખર્ચનો ખયાલ કઇ ધારણાને આધારે છે?

(a) પૂર્ણ રોજગારી છે (b) અલ્પહસ્તક ઈજારો છે (c) બન્ને (d) બેમાંથી એકેય નહીં

GPSC Model Paper www.shikshanjagat.in

૭૪. સાધનો સંપૂર્ણપણે ગતિશીલ છે એવી ધારણા કયા ખયાલમાં કરાઇ છે?

(a) નાણાંકીય ખર્ચ (b) વૈકલ્પિક ખર્ચ (c) સ્થિર ખર્ચ (d) અસ્થિર ખર્ચ

૭૫. ઉત્પાદક એકમનું કદ બદલી ન શકાય તેવો સમયગાળો કેવો કહેવાય?

(a) લાંબો ગાળો (b) ટૂંકો ગાળો (c) બન્ને (d) બેમાંથી એકેય નહીં

૭૬. સ્થિર ખર્ચને શાની સાથે સંબંધ નથી?

(a) ભાવ (b) ઉત્પાદનનું પ્રમાણ (c) વસ્તુવિકલન (d) વસ્તુની ગુણવત્તા

૭૭. પેઢીનું પ્લાન્ટ માટેનું ખર્ચ ક્યું ખર્ચ કહેવાય?

(a) કુલ ખર્ચ (b) અસ્થિર ખર્ચ (c) વૈકલ્પિક ખર્ચ (d) સ્થિર ખર્ચ

૭૮. મકાનભાડું એ પેઢી માટે ક્યું ખર્ચ બને?

(a) સ્થિર ખર્ચ (b) અસ્થિર ખર્ચ (c) નાપાંકીય ખર્ચ (d) વૈકલ્પિક ખર્ચ

૭૯. સ્થિર ખર્ચ અને અસ્થિર ખર્ચ વચ્ચેનો તફાવત સમયના કયા ગાળા માટે રહે છે?

(a) ટૂંકો ગાળો (b) લાંબો ગાળો (c) બન્ને (d) બેમાંથી એકેય નહીં

૮૦. સ્થિર ખર્ચની રેખા કઇ ધરીને સમાંતર હોય છે?

(a) OX (b) XY (c) બન્ને (d) બેમાંથી એકેય નહીં

૮૧. કોણે અસ્થિર ખર્ચને મુખ્ય ખર્ચ કહ્યું છે?

(a) કેઇન્સ (b) પ્રો. હિક્સ (c) માર્શલ (d) એડમ સ્મિથ

૮૨. કાચા માલનું ખર્ચ ક્યું ખર્ચ કહેવાય?

(a) સ્થિર ખર્ચ (b) અસ્થિર ખર્ચ (c) સરેરાશ સ્થિર ખર્ચ (d) ઉપર્યુક્ત ત્રણેય

૮૩. અસ્થિર ખર્ચની રેખા કેવો ઢાળ ધરાવે છે?

(a) ઋણ (b) ધન (c) ઉપર્યુક્ત બન્ને (d) બેમાંથી એકેય નહીં

૮૪. અસ્થિર ખર્ચને ઉત્પાદનના પ્રમાણ સાથે કેવો સંબંધ છે?

(a) ધન (b) ઋણ (c) છે જ નહીં (d) થોડોક

GPSC Model Paper www.shikshanjagat.in

૮૫. કુલ ખર્ચ એટલે .....

(a) સ્થિર ખર્ચ + અસ્થિર ખર્ચ (b) નાણાંકીય ખર્ચ (c) બન્ને (d) બેમાંથી એકેય નહીં

૮૬. સરેરાશ સ્થિર ખર્ચ એટલે......

(a) FC / Q (b) VC / Q (c) TC / Q (d) ઉપર્યુક્ત ત્રણમાંથી એકેય નહીં

૮૭. સરેરાશ ખર્ચ એટલે.......

(a) AFC + AVC (b) TC / Q (c) ઉપર્યુક્ત બન્ને (d) બેમાંથી એકેય નહીં

૮૮. સીમાન્ત ખર્ચ અટલે.....

(a) વધારાનું એકમ ઉત્પન્ન કરવાથી થતો કુલ ખર્ચમાં ફેરફાર

(b) એક એકમનું ઉત્પાદન ઘટાડવાથી થતો કુલ ખર્ચમાં ફેરફાર

(c) ઉપર્યુક્ત બેમાંથી એકેય નહીં (d) ઉપર્યુક્ત બન્ને

૮૯. કુલ ખર્ચની રેખા કયા ખર્ચના બિંદુથી શરૂ થાય?

(a) AFC (b) FC (c) AVC (d) VC

૯૦. $TC_n - TC_{n-1}$ = .........

(a) FC (b) AVC (c) AFC (d) MC

૯૧. ક્યું ખર્ચ સતત ઘટતું જ જાય?

(a) FC (b) AFC (c) AVC (d) TC

૯૨. સરેરાશ ખર્ચ ઘટતું હોય ત્યારે........

(a) AC=MC (b) AC>MC (c) AC<MC (d) ઉપર્યુક્ત ત્રણમાંથી એકેય નહીં

૯૩. જ્યારે સીમાન્ત ખર્ચ લઘુત્તમ હોય ત્યારે ........

(a) MC=AC (b) MC<AC (c) MC>AC (d) ઉપર્યુક્ત ત્રણમાંથી એકેય નહીં

૯૪. સરેરાશ ખર્ચ લઘુત્તમ હોય ત્યારે......

(a) AC>MC (b) AC=MC (c) AC<MC (d) ઉપર્યુક્ત ત્રણેય

GPSC Model Paper www.shikshanjagat.in

૯૫. સરેરાશ ખર્ચ વધતું હોય ત્યારે......

(a) AC>MC (b) AC<MC (c) AC=MC (d) ઉપર્યુક્ત ત્રણેય

૯૬. સીમાન્ત ખર્ચ વધતું હોય ત્યારે તે સરેરાશ ખર્ચ કરતાં ઓછું હોઇ શકે?

(a) હા (b) ના (c) ક્યારેક (d) કદી નહીં

૯૭. સરેરાશ અસ્થિર ખર્ચ કરતાં ભાવ ઓછા હોય તો ઉત્પાદક શું કરે?

(a) ઉત્પાદન બંધ કરે (b) ઉત્પાદન ચાલું રાખે (c) ઉત્પાદન વધારે (d) ઉત્પાદન ઘટાડે

૯૮. સરેરાશ ખર્ચ ઘટતું હોય ત્યારે સીમાન્ત ખર્ચ ઘટી શકે ખરું?

(a) હા (b) ના (c) ક્યારેક (d) હંમેશાં

૯૯. ભાવ સરેરાશ ખર્ચ કરતાં વધારે હોય તો પેઢીને કેવો નફો મળે?

(a) સામાન્ય (b) અસામાન્ય (c) ન મળે (d) ક્યારેક નફો મળે

૧૦૦.સીમાન્ત ખર્ચ વધતું હોય ત્યારે તે સરેરાશ ખર્ચ કરતાં ઓછું હોય કે વધારે?

(a) ઓછું (b) વધારે (c) ઓછું કે વધારે બન્ને (d) શૂન્ય હોય

www.shikshanjagat.in

શું આપ કોઈ પણ સ્પર્ધાત્મક પરીક્ષા જેમ કે GPSC,HTAT,TET,TALATI,CLERK,BANK વગેરની તૈયારી કરી રહ્યા છો અને આપ સ્ટડી મટેરિયલની શોધમાં છો ? તો આજે જ અમારો Whatsapp નંબર .98259 90996 તમારા Whatsapp ગ્રુપમાં જોડો અને રોજે રોજ કરંટ અફેર્સ, ઓનલાઈન ટેસ્ટ, મોડેલ પેપર્સ, જીકે ફાઈલ્સ, નવી નોકરી, પરીક્ષાની માહિતી વગેરની અપડેટ મેળવો...